Appendix -2

## પરિશિષ્ટ : આ

## ચરિતસાહિત્યમાંથી ઉદ્ધૃત શિક્ષણના કેટલાક પારિભાષિક શબ્દો

- અખ્યાણું - શિક્ષણાદિ શુભકાર્યના આરંભે અપાતી બક્ષિસ
- આંકધાતો - આંકનાં કોષ્ટકો
- ઇષ્ટરાશિ - કલ્પેલી સંખ્યા પરથી ખરો ઉત્તર કાઢવાની રીત
- ઉતારો - સ્થળેતર વિદ્યાર્થી-રહેઠાણ
- કર્તવ્યભૂમિતિ - જમીનમાપણી આદિ દ્વારા શીખવાતી ભૂમિતિ
- ગામઠી શાળા - દેશી પદ્ધતિએ શિક્ષણ આપતી નિશાળો
- દોપિસ્તાં - અક્ષર ઘૂંટવાનું જાડું પૂઠું
- ધૂળી નિશાળ - ધૂળ છંટકારેલી લાકડાની પાટી દ્વારા શિક્ષણકાર્ય કરતી શાળાઓ અર્થાત્ ગામઠી નિશાળો
- ધાત - કોઠો કે કોષ્ટક
- નિશાળગરણું - છોકરાછોકરીને નિશાળે મૂકતી વખતે કરવામાં આવતો વિધિ
- પરીક્ષ્ય - પરીક્ષાર્થી
- પલાખું - આંકના ઘડિયાનો પ્રશ્ન
- પંડયા(જી) ગામઠી નિશાળના બ્રાહ્મણ-શિક્ષક
- પંતિયાળુ (પંત્યાળુ) - સહિયારી આપલે સંબંધી દાખલાઓ
- પાટી-સ્લેટ
- પાડા - આંકના ઘડિયા
- બાળબોધ (લિપિ) - દેવનાગરી લિપિ
- મહેતાજી - શિક્ષક
- લવાજમ - છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીએ અમુક મુદતે આપવાની રકમ
- લેખું - મોંએ ગણાય એવો ટૂંકો અને સહેલો હિસાબ
- વડો નિશાળિયો - વર્ગનો મુખ્ય કે પહેલો વિદ્યાર્થી
- વતરણું - કલમ

- વહેલાપહેલી – શાળામાં થતા આગમનની અગ્રતાના ધોરણે વર્ગક્રમ નિશ્ચિત કરવાની પદ્ધતિ
- વાણિયાઇ ભણતર – વાણિયાને વેપારધંધામાં ઉપયોગી થાય એવું શિક્ષણ
- વિદ્યાગુરુ – વિદ્યા શીખવનારા ગુરુ-શિક્ષક
- વિદ્યાવ્યાસંગ – વિદ્યાપ્રાપ્તિ માટેની પ્રીતિ
- વ્યવહારી કેળવણી – વ્યવહારમાં ઉપયોગી થાય તેવું શિક્ષણ
- શિક્ષણપદ્ધતિ પાઠશાળા – શિક્ષકોની તાલીમ માટેની પ્રશિક્ષણ સંસ્થા
- સવાલવારી – પ્રશ્નોત્તરી દ્વારા વર્ગક્રમ નિર્ધારિત કરવાની પદ્ધતિ
- યાવની ભાષા – આર્યેતર સંસ્કૃતિની ભાષા

X X X

એકડો માંડવો – ભણવાનું શરૂ કરવું

પાટી પર ધૂળ નાંખવી – નિશાળે જવું

પામરી ઓઢાડવી – માન સરપાવ આપવાં